

શહેરમાં એક તરફ વરસાદી ઋતુ બરાબર જામી ચુકી છે અને આ મૌસમમાં ઘટાદાર વૃક્ષો નમી પડવાની કે ધરાશાયી થવાનું જોખમ રહેલું હોય છે જેને અનુલક્ષીને વનવિભાગ દ્વારા જોખમી વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવે છે. શહેરના સેકટર-૬માં નાના શોપીંગ સેન્ટર પાસે આ રીતે વૃક્ષનું ટ્રીમીંગ હાથ ધરાયું હતું.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૮ કેસ

## ગાંધીનગર-કલોલ તાલુકામાં ૭-૭, માણસામાં ૩ અને દહેગામમાં એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ ૧૮ કેસ કોરોનાના મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર ગ્રામ્યમાં ૭, કલોલમાં ૭, દહેગામમાં એક અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામેથી એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

કોટેશ્વર ગામેથી આજે બે કેસ મળ્યા છે. જેમાં ૫૨ વર્ષના પુરૂષ અને ૫૧ વર્ષની મહિલાનો સમાવેશ થાય છે. પેથાપુરમાંથી પણ એક ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ ગામેથી પણ એક ૩૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉવારસદ ગામેથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૦ વર્ષીય યુવાન તેમજ ૫૫ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકામાં આજે નોંધાયેલ ૭ કેસ પૈકી ૪ મહિલા દર્દીઓ છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધતા તંત્રની ચિંતા વધી છે.

દહેગામમાંથી આજે એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અર્બન વિસ્તારમાં ધીમી ગતિએ કેસો વધી રહ્યા હોવાથી તંત્ર સતર્ક બની અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે એટલુ જ નહિ અર્બન એરિયામાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે.

માણસામાં આજે બે કેસ અર્બન વિસ્તારમાંથી અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી નોંધાયો છે. મળતી વિગતો પ્રમાણે માણસા અર્બનમાંથી આજે એક ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો એક ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકાના વ્યાસ પાલડી ગામેથી એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રોજ નવા પોકેટ કોરોનાના ખુલી રહ્યા હોવાથી તંત્રની દોડધામ વધવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં વધુ ૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૭ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૫૧૩ પર પહોંચી છે.

આજે નોંધાયેલા કેસો ઈન્ફોસીટી, સે. ૨૪, સે. ૧૭, સે. ૨૫, સે. ૨ અને સે. ૨૭ નો સમાવેશ થાય છે.

**ઈન્ફોસીટી, સે. ૨૫, સે. ૨૪, સે. ૧૭, સે. ૨ અને સે. ૨૭ માં કેસ નોંધાયા : માતા-પુત્ર, બેંક મેનેજર તેમજ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરતા એક પુરૂષ કોરોનાની ઝપટમાં આવ્યા**

શહેરમાં વધી રહેલા કેસો લોકલ ટ્રાન્સમિશન છે કે પછી કોમ્યુનીટી ટ્રાન્સમિશન છે તે અંગે હજુ તંત્ર સ્પષ્ટ થઈ શક્યુ નથી. જે કેસો મળી રહ્યા છે ત્યારે તેમાં ક્યાંક લોકલ ટ્રાન્સમિશન કારણભુત જણાય છે તો ક્યાંક કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયુ હોય તેવુ લાગ્યા કરે છે.

શહેરમાં કેસોની સંખ્યા ૫૦૦ને પાર થતાં જ તંત્રની ચિંતામાં વધારો થયો છે. મહાનગરપાલિકાની હદમાં હાલ ૨૦૪ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન છે. શહેરમાં અત્યાર સુધીમાં ૫૨૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે પરંતુ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. હવે તંત્ર દ્વારા સર્વેલન્સની નવી ટીમો જે આઉટ સોર્સથી ભરતી કરવામાં આવી છે તેથી સર્વેલન્સની કામગીરી પણ સઘન બનશે.

મળતી વિગતો પ્રમાણે ઈન્ફોસીટીમાંથી આજે એક ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીના પરિવારના બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. આ ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે જેણે તંત્રએ મંજૂર પણ રાખ્યો છે.

સે. ૨૪ માંથી એક ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ટેઈલરીંગના વ્યવસાય સાથે સંકળાયેલ અને સે. ૧૭ માં રહેતા એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીએ

● અનુસંધાન પાન-૭ પર

# પાક પેટર્નમાં બદલાવ થયો પણ મંદી અને શ્રમિકોની અછત વચ્ચે ખરીફ વાવણી ધીમી પડી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી તેના અંતિમ તબક્કામાં થોડીક ધીમી પડી છે. જિલ્લામાં આજ સુધીમાં ૯૨,૨૦૦ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં થયેલા વાવેતરમાં સૌથી વધુ વાવેતર દહેગામ તાલુકામાં ૨૭,૯૮૩ હેક્ટરમાં, આ પછી ગાંધીનગરમાં ૨૫,૭૨૯ હેક્ટરમાં, માણસામાં ૨૧,૯૩૫ હેક્ટરમાં તથા કલોલમાં ૧૬,૫૫૩ હેક્ટરમાં નોંધાયુ છે.

**કઠોળ-કપાસના વાવેતર વિસ્તારમાં ઘટાડો : દિવેલા અને ગુવારના પાકના વાવેતરમાં ધીમી ગતિ**

જિલ્લામાં ૨૦૧૯-૨૦ની તુલનામાં વરસાદ પણ ૧૦૦ ટકાથી વધુ આ વર્ષે નોંધાયો છે પરંતુ અંતિમ તબક્કામાં વાવેતર ધીમુ પડ્યુ છે જે લોકડાઉન, મંદી તેમજ શ્રમિકોની અછતના સ્પષ્ટ સંકેત આપે છે. જિલ્લામાં સામાન્યતઃ ૧ લાખ ૪૦ હજાર હેક્ટરમાં ખરીફ ઋતુનું વાવેતર થતુ હોય છે. ખરીફ વાવણીની સીઝન ૧૫મી ઓગષ્ટ યા તો ૨૦મી ઓગષ્ટ સુધીમાં સંપન્ન થતી હોય છે જે નોંધનીય છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં પિયત ડાંગરનું વાવેતર ૯૦૮૦ હેક્ટરમાં, ચોમાસુ બાજરીનું વાવેતર ૨૦૯૬ હેક્ટરમાં, જુવારનું વાવેતર ૫૬ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં આ વર્ષે કઠોળ પાકોના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ખેડૂતોએ આ પાકોના વાવેતરમાં બહુ રસ દાખવ્યો નથી. મળતી વિગતો પ્રમાણે મગના પાકનુ વાવેતરમાં ૯૫૧ હેક્ટરમાં થયુ છે જે અગાઉના સમયમાં ૨૧૦૦ હેક્ટરમાં થતુ હતુ. મઠનું વાવેતર સરેરાશ જળવાઈ રહ્યુ છે. જ્યારે અડદના પાકનું વાવેતરમાં માત્ર ૧૧૯ હેક્ટરમાં થયુ છે જે સરેરાશ ૮૦૦ હેક્ટર જેટલુ થતુ હતુ.

જિલ્લામાં મગફળીનું વાવેતર વિક્રમી થયુ છે જે ૧૨,૮૩૫ હેક્ટરમાં થયું છે. તલનું વાવેતર ઘટ્યુ છે જે ૩૫૦૦ હેક્ટરમાં થતુ હતુ તેના બદલે માત્ર ૯૭ હેક્ટરમાં નોંધાયુ છે. દિવેલાનું વાવેતર ધીમી ગતિએ આગળ વધી રહ્યુ છે. જે ખરીફ સિઝનના અંતિમ તબક્કામાં થતુ હોય છે. જિલ્લામાં હજુ ૪૫૦૦ હેક્ટરમાં જ આ વાવેતર થયુ છે. સોયાબીન અને અન્ય તેલીબીયાંના પાકનું વાવેતર ૭૦ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લાનો મુખ્ય પાક ગણાતા કપાસના પાકનું વાવેતર નોંધનીય રીતે ઘટ્યુ છે. ૬ હજાર હેક્ટર જેટલો ધરખમ ઘટાડો આ વર્ષે જોવા મળી રહ્યો છે. ગુવારના પાકનું વાવેતર પણ ધીમુ પડ્યુ છે જે હજુ સુધી ૩૧૦૦ હેક્ટરમાં થયુ છે. સામાન્યતઃ તે ૯૨૦૦ હેક્ટરમાં થતુ હોય છે.

શાકભાજીના પાકોનું વાવેતર ૧૦,૨૫૭ હેક્ટરમાં નોંધાયુ છે. જ્યારે ઘાસચારાનું વાવેતર ૨૮,૪૪૧ હેક્ટરમાં નોંધાયુ છે. અન્ય પાકોનું વાવેતર ૨૮૬૧ હેક્ટર વિસ્તારમાં જોવા મળ્યુ છે.

જિલ્લામાં આ વર્ષે પાક-પેટર્નમાં બદલાવની સાથે મંદી તેમજ લોકડાઉનની અસરો જોવા મળી રહી છે. જિલ્લાનાં અર્થતંત્રમાં ખરીફ ઋતુનું મહત્વ પણ વિશેષ છે. જોકે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે પરંતુ અંતિમ તબક્કામાં જે રીતે વાવેતરની કામગીરી ધીમી પડી છે તે ચિંતાનો વિષય છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનનો ૪૨ ટકા જેટલો વરસાદ થઈ ચુક્યો છે હજુ બે મહિના ચોમાસાના બાકી છે. વરસાદ સમયસર અને સારો હોવાનું ખેડૂતો કહી રહ્યા છે પરંતુ શ્રમિકોની અછત અને મંદીનો માહોલ તેમના ઉત્સાહને અવરોધી રહ્યા છે.





રક્ષાબંધનના તહેવારને પગલે એસટી ડેપો ખાતે મુસાફર ભાઈ બહેનોની ભારે ભીડ જોવા મળી હતી. જયારે કોરોનાને પગલે ગણતરીની બસ જ હોવાથી ખાનગી વાહનચાલકોને બખ્ખા થઈ ગયા હતા. મુસાફરોને બસ ના હોવાથી વધુ રૂપીયા ચુકવીને જોખમી મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. તો બીજીતરફ ખાનગી વાહનચાલકોએ ઉંચુ ભાડુ લઈ વધુ મુસાફરો બેસાડી રીતસરની ઉઘાડી લુંટ ચલાવી હતી. પરંતુ પોતાના ભાઈ ને રાખડી બાંધવા માટે મુસાફરોએ કચવાતા મને ના છુટકે ખીચોખીચ બેસીને પણ વધુ રૂપીયા આપવાનો વારો આવ્યો હતો.

# આવતીકાલે શહેરના વધુ વિકાસના કામોને મંજુરી અપાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ હવે કાઉન્સીલરોને ૩૦૦ વધુ ટ્રી ગાર્ડ સારા ચોમાસાને લઈ આપવા માટેની દરખાસ્તને આગામી બેઠકમાં મંજૂરી આપશે.

મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક આગામી ૫ મી ઓગષ્ટના રોજ બપોરે બે વાગે સ્થાયી સમિતિના સભાખંડમાં મળવાની છે.

**સ્થાયી સમિતિની બેઠકમાં સભ્યોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી પાયાની સુવિધાઓના સુદઢીકરણ પર ભાર મુકાશે : ૩૦૦ વધુ ટ્રી ગાર્ડ ફાળવી લોકસંપર્ક વધારવાની વ્યુહરચના**

ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં કાઉન્સીલરોને ફાળવવામાં આવેલા બજેટમાં કેટલાક કાર્યોનો સમાવેશ કરી અને પાયાની સુવિધાઓનું સુદઢીકરણ થાય તેના પર ખાસ ભાર મુકવામાં આવશે. આ માટે ૨૭ જેટલી બાબતો તારવી અને તે સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

સ્થાયી સમિતિની આ બેઠકમાં આમ તો એજન્ડામાં ૧૧ જેટલા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં બહુ વિવાદો વચ્ચે આવેલા બગીચાઓના રિનોવેશનનો મુદ્દો પણ સામેલ છે.

ચૂંટાયેલી પાંખ પર જે રીતે સંગઠ્ઠન પાંખ સવાર થઈ ગઈ છે તે જોતાં આ બેઠકમાં વહીવટીય પાંખ સાથેનો ટકરાવ સ્થાયી સમિતિ ટાળશે તેમ મનાઈ રહ્યુ છે. આ ઉપરાંત સભ્યોને ૩૦૦ જેટલા ટ્રી ગાર્ડ વધારાના આપવાની દરખાસ્ત કરી સૌને લોક સંપર્ક અભિયાનમાં જોતરવાની નવતર રીત અપનાવવામાં આવી રહી છે.

આ બેઠકમાં કામચલાઉ શેલ્ટર હોમ અંગે ફેબ્રુઆરીમાં મુલ્તવી રખાયેલ પ્રસ્તાવ પુનઃ મંજૂરી માટે મુકવાનો છે. હવે કામચલાઉ શેલ્ટર હોમની જ યોજના ચાલુ રખાશે કે પછી નવી જગ્યા શોધવામાં આવી છે તે અંગે ચર્ચાઓ થાય તે પછી જ ખબર પડશે.

આ બેઠકમાં ફાયરબ્રિગેડના યાંત્રિક કામોની મંજૂરીનો મુદ્દો ઉપરાંત સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ''જેમ'' દ્વારા ખરીદીની દરખાસ્ત પણ ચર્ચામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

પ્રભારી મંત્રીની સૂચના પછી અટવાઈ પડેલા કામોને પુનઃ હાથ પર ધરવામાં આવી રહ્યા છે. જે રીતે સ્થાયી સમિતિના વલણમાં બદલાવ જોવા મળી રહ્યો છે તે જોતાં કંઈક નવી રાજકીય નવાજૂનીના સંકેતો મળી રહ્યા હોય તેવી વાતો રાજકીય વર્તુળોમાં થતી સાંભળવા મળી રહી છે.

આ બેઠકમાં હદ વધારાયેલા ગ્રામીણ વિસ્તારના વિકાસ કામો કે તે બાબતે કોઈ જ મુદ્દા સમાવવામાં આવ્યા નથી તેને લઈ પણ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.



વાવોલમા સ્વામી વિવેકાનંદ વિકાસ સમિતિ દ્વારા ગાંધીનગરના ૫૬મા સ્થાપના દિવસે તથા મુખ્યમંત્રીના જન્મ દિવસ નિમિત્તે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આયો હતો. જેમાં સમિતિના પ્રમુખ શૈલેષભાઈ પટેલ તથા ભાજપના કાર્યકરો દિલીપસિંહ ગોલ, મહિપતભાઈ, લાલભાઈ, સંજયભાઈ, અતુલભાઈ, રાજેન્દ્રસિંહ, મનસુખભાઈ વગેરે કાર્યકરો હાજર રહ્યા હતા.

# પ્લોટના વેચાણની મંજુરી નકરાતી સરકારને પુનઃ વિચારણા કરવા હાઈકોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૩

શહેરના સે-૨ સી માં ૯૦ ચો મી નો પ્લોટ ધરાવતા ઘનશ્યામભાઈ અંબાદત્ત શુકલએ તેમના પ્લોટ પર બાંધેલા મકાનને વેચાણ કરવા માર્ગ મકાન વિભાગને અરજી કરી હતી. જયારે વિભાગે આ અરજી નામંજુર કરી હતી. જેથી ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ ની જોગવાઈ હેઠળ આ વાદગ્રસ્ત હુકમને પડકાર્યો હતાો. જેમાં હાઈકોર્ટે બન્ને પક્ષકારોની રજુઆતને ધ્યાને લઈને આ પ્રકારના કેસમાં હાઈકોર્ટે તા ૧૩ માર્ચ વર્ષ ૨૦૧૯ ના રોજ ચુકાદાથી જે સિધ્ધાંતો સ્થાપિત કર્યા છે. તેને ધ્યાને લઈને અરજદારના બાંધકામ સાથેના પ્લોટની તબદીલી કરવાની અરજી ફરીથી પુનવિચારણા કરવા આદેશ આપ્યાો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર વર્ષ ૧૯૯૧માં ઘનશ્યામભાઈ દત્તને સરકારી કર્મચારી હોવાથી સરકારે સે-૨ સી માં ૯૦ ચો મી નો પ્લોટ ફાળવ્યો હતો. જયારે વર્ષ ૧૯૯૩ માં તેમણે આ પ્લોટ પર બાંધકામ કર્યુ હતુ. આ અન્વયે ભોગવટા પ્રમાણપત્ર પણ મેળવ્યુ હતુ. જયારે સરકારના વર્ષ ૨૦૧૭ના ઠરાવ મુજબ પ્લોટની ફાળવણીના ૨૫ વર્ષ પુરા થયા હોય તો તબદીલી પ્રિમિયમ પણ વસુલ કરવાનુ રહેતુ નથી. પરંતુ સુપ્રિમ કોર્ટમાં પણ પ્લોટ વેચાણ કરવાની પરવાનગીનો મામલો પડતર હોવાથી સરકાર કક્ષાએથી પણ મંજુરી ન આપી શકાય ત્યારે આ કેસ અન્વયે અરજદારે સુપ્રિમના ડાયરેકશન મુજબ હાઈકોર્ટની મંજુરીથી પ્લોટ તબદીલ થઈ શકે તેમ હોવાથી હાઈકોર્ટ સમક્ષ સરકારના હુકમ સામે વેચાણ મંજુરી માટે રીટ કરી હતી. ૮૦ વર્ષના બિમાર સિનિયર સીટીઝન અરજદારના વકીલ તરીકે વકીલ જયંત ભટ્ટ અને જીત ભટ્ટે દલીલો કરી હતી. જેના અંતે હાઈકોર્ટના ન્યાયમુર્તિ જી આર ઉદવાણીએ સરકારને આ મામલે પુન : વિચારણા કરી નિર્ણય લેવા ફરમાન કર્યુ છે.

**સે-૨ સી માં સરકારે ફાળવેલા ૯૦ ચોમીના પ્લોટને તબદીલ કરવા ૮૦ વર્ષના વૃધ્ધે સરકાર સામે હાઇકોર્ટમાં રીટ દાખલ કરી હતી : પુન : વિચારણા કરીને નિર્ણય લેવા હાઇકોર્ટનુ ફરમાન**

# પેથાપુરમાંથી જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા



ગાંધીનગર, તા.૩

પેથાપુર સાબરમતિ નદીના કિનારે આવેલા સધીમાતા મંદિરના ઓટલા પર જુગાર રમતા પાંચ શખ્સો પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. પેથાપુર પોલીસે બાતમીને પગલે જુગાર રમતા હતા તે સ્થળ પર રેઈડ પાડી હતી. જેમાં પેથાપુરના જીતેન્દ્ર રણછોડ સોલંકી(ઉં.૨૮,સુરેલા) જયેશ વિઠ્ઠલ સોલંકી(ઉં.૨૬,પાંજરાપોળ પાસે), અજય ધીખાભાઈ દંતાણી (ઉં. ૨૫ ઓટામાં),જયપાલસિંહ રામાજી ચાવડા ઉં.૨૮ ઓટામા), વિજય ઉર્ફે બકાજી ઠાકોર (ઉં.૨૮ માઢીવાળો વાસ) જુગાર રમતા ઝડપાયા હતા. પોલીસે જુગારીઓની અંગ જડતી અને દાવ પરથી રૂ.૧૩,૧૧૦ અને રૂ.૪૦ હજારના ૪ મોબાઈલ, મળી કુલ રૂ.૫૩,૧૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પેથાપુર પોલીસે પાંચ શખ્સો સામે જુગારધારાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાલજ-મહેસાણા માર્ગ પર ઈકો-બાઈક વચ્ચે અકસ્માત

## પતિ-પત્ની સહિત બે બાળકો ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૩

અડાલજ-મહેસાણા હાઈ-વે પર જમિયતપુરા કટ પાસે ઈકો-બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પરથી પતિ-પત્ની અને બે બાળકો માર્ગ પર પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવાયા હતા. બનાવ અંગે બાઈક ચાલક મહેશભાઈ ચૌહાણે ફરીયાદ નોંધાવતા અડાલજ પોલીસે ફરાર ઈકો ચાલકને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ જુના વાડજ ખાતે રહેતા મહેશભાઈ ખેંગારભાઈ ચૌહાણ (ઉં.૩૪) રક્ષાબંધનને પગલે રવિવારના રોજ બપોરના સુમારે પોતાના વતન તેનીવાડા બનાસકાંઠા જવા માટે પરિવાર સાથે નીકળ્યા હતા. ત્યારે બપોરના અઢી વાગ્યાના અરસામાં જમિયત પુરા કટ પાસે બાઈકને પાછળના ભાગથી ઈકો કારના ચાલકે ટક્કર મારી અકસ્માત સર્જીને ગાડીનો ચાલક ભાગી ગયો હતો. બાઈક સાથે માર્ગ પર પટકાયેલા દંપતિ તેમજ બે નાના બાળકોને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો દોડી આવ્યા હતા અને ચારેય વ્યકિતને ગંભીર ઈજા પહોંચી હોવાથી ગાંધીનગર સિવિલ ૧૦૮ દ્વારા લઈ જવાયા હતા. જયારે વધુ સારવાર માટે અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. અકસ્માતમાં ફરીયાદીને કમર તેમજ માથાના ભાગે, પત્નીને ડાબા પગની પાનીએ ફ્રેકચર, અને દિકરીને શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી. બનાવ અંગે ફરીયાદી મહેશભાઈ ચૌહાણે મોડી રાત્રે જી.જે.૦૨. ડી.એચ.૦૫૧૮ ઈકો ગાડીના ચાલક સામે ફરીયાદ નોંધાવી હતી. પોલીસે ઈકો ગાડીના નંબરના આધારે ચાલક સામે ગુનો નોંધી આગળતની તપાસ હાથ ધરી હતી.

## ખૂણેખાંચરેથી

● રાજ્ય સરકારના નર્મદા અને જળ સંપત્તિ વિભાગમાં વહીવટીય અને તાંત્રિક અધિકારીઓ સૌથી વધુ સંખ્યામાં કરાર આધારિત હોવાની ચોંકાવનારી વાતો કર્મચારીઆલમમાં ચર્ચાનો મુદ્દો બની છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાએ આખરે તેની હદમાં ભેળવાયેલા તમામ ગામોનો ચાર્જ સંભાળી લીધો છે.

● ગાંધીનગર શહેરમાં આજે મિઠાઈની દુકાનોમાં માંડ ૫૦ ટકા સુધીનો ધંધો થયો હતો.

● ગાંધીનગરના ગોંદરે આવેલ સંત સરોવરમાં હજુ નીર આવ્યા નથી.

● ગાંધીનગર શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૦૪ પર પહોંચી છે.

● ગાંધીનગર શહેરમાં પબ્લીક એડ્રેસ સિસ્ટમ પરથી હજુ પણ કોરોના અંગે જુના સંદેશાઓ જ પ્રસારિત કરાતા હોવાથી લોકોમાં તે ચર્ચાનો મુદ્દો બન્યો છે.



કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગર લોકસભાના સાંસદ અમિત શાહને કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.ભગવાન બહુ જ ઝડપી તેમને સ્વસ્થ કરે અને મા ભારતીની સેવામાં જોડાય તેના માટે સોમવારના રોજ બપોરે ૧ થી ૪.૩૦ કલાક દરમિયાન સાદરા જક્ષણી માતાના મંદિર ખાતે યજ્ઞ યોજાયો હતો. આ યજ્ઞ ગાંધીનગર મહાનગર ભાજપના મહામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા અને મંદિરના પૂજારી તેમજ ટ્રસ્ટીઓ દ્વારા યોજાયો હતો. આ યજ્ઞમાં સોશ્યિલ ડિસ્ટન્સ અને મોં પર માસ્ક પહેરી ખાસ તકેદારીના પગલા લેવાયા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ